# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૬ તા.૦૭-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : APAAR (ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી) ના અમલીકરણ અને રોલઆઉટ અને "Mega APAAR DIWAS" ઉજવવા બાબત

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા શાળા કક્ષાએ APAAR ID જનરેટ કરવાની કામગીરી સત્વરે હાથ ધરવા જીલ્લા કચેરીઓને પરીપત્રો દ્વારા અને વિડીયો કોન્ફરનસિંગ દ્વારા મિટિંગમાં સૂચના આપવામાં આવેલ હતી..

વધુમાં, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી એ પત્ર દ્વારા રાજ્યોને તારીખ ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" ઉજવવા સૂચવેલ છે. અને આગળ જતા, દર મહીને ૯ અને ૧૦ તારીખે "Mega APAAR DIWAS" ઉજવવા સૂચવેલ છે.(જો શાળામાં તે દિવસ રજા આવતી હોય તો તેના પછીના દિવસે "Mega APAAR DIWAS" ઉજવવાનો થાય). "Mega APAAR DIWAS" અંતર્ગત શાળાઓએ વધુમાં વધુ વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ કરવાના રહેશે અને તેની વિગતો સુચવ્યા મુજબ રાજ્ય કક્ષાએ પૂરી પાડવાની રહેશે. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" ઉજવવાની તૈયારીના ભાગરૂપે શાળાઓ દ્વારા નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:

1. શાળામા અભ્યાસ કરતા ધોરણ 1 થી 8 નાં તમામ વિદ્યાર્થીઓના માતાપિતા સાથે મિટિંગ યોજી APAAR IDની ઉપયોગિતા અને તેના મહત્વ વિશે માહિતગાર કરી તા. ૦૬ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં માતાપિતા/વાલીની સંમતિ પત્રક (સૂચિત નમુનાં પ્રમાણે) અને તેમના ફોટો આઈડી પ્રૂફ સાથે તેની યોગ્ય ચકાસણી કરી મેળવી લેવા.
2. સંમતિ પત્રક મેળવ્યા બાદ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની AADHAR અને UDISE+ પોર્ટલના આધારે વિગતો –નામ, જન્મ તારીખ અને જેન્ડર- નીચે મુજબની યાદી તૈયાર કરવાની રહેશે:
   a. વિદ્યાર્થીઓ જેની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન છે
   b. વિદ્યાર્થીઓ જેની વિગતો જો વિદ્યાર્થીઓની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન ન હોય, તેવા કિસ્સાઓમાં નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:
   i. જો, AADHAR મુજબ વિગતો યોગ્ય જણાય, તો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ વિગતોમાં શાળા/બ્લોક કક્ષાએ તા. ૦૮ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં સુધારો કરાવી લેવાનો રહેશે.
   ii. જો, UDISE+ પોર્ટલ મુજબ વિગતો યોગ્ય જણાય, તો AADHARમાં UDISE+ પોર્ટલ મુજબ વિગતઓમાં સુધારો કરવ્યા બાદ યોગ્ય ચકાસણી કરી APAAR ID જનરેટ કરવું.
3. શાળાઓ દ્વારા, જે વિદ્યાર્થીઓની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન હોય અને જે વિદ્યાર્થીઓની વિગતો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ સુધારો કરાવ્યા હોય તેવા તમામ વિદ્યાર્થીઓના તા. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ ("Mega APAAR DIWAS") UDISE+ પોર્ટલ મારફત APAAR ID જનરેટ કરવાના રહેશે.
4. આમ, શાળાઓ દ્વારા તા. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" નિમિતે ઉપર દર્શાવ્યા મુજબ ઘટતી કાર્યવાહી હાથ ધરી વધુમાં વધુ APAAR ID જનરેટ કરવાના રહેશે. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ઉક્ત પત્રમાં જણવ્યા અનુસાર રાજ્યમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓનું APAAR ID જનરેટ કરવાની કામગીરી ડીસેમ્બર-૨૦૨૪ના માસમાં પૂર્ણ કરવાની રહેશે.URC,CRC દ્વારા પોતાના તાબા હેઠળની શાળાઓને આ સૂચનાઓ/માર્ગદર્શિકા અંગે માહિતગાર કરી તાલીમ આપવાની રહેશે અને APAAR ID બનાવવાની કામગીરીનું રોજબરોજ નિરીક્ષણ કરવાનું રહેશે અને શાળા કક્ષાએ ઉત્પન્ન થતા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે.ક્લસ્ટર અને બ્લોક કક્ષાએ તેમના તાબા હેઠળની શાળાઓ પાસેથી EXCEL SHEETમાં વિદ્યાર્થીઓની વિગતો મેળવીને વિદ્યાર્થી દીઠ APAAR

ID જનરેટ થયાનું મોનીટરીંગ કરવાનું રહેશે.વિદ્યાર્થીઓના AADHARની વિગતોમાં સુધારા માટે URC, CRC અને URC Zone MIS staff એ તેમની હાજરીમાં વિદ્યાર્થીઓના AADHARમાં સુધારાની કામગીરી કરાવવી. વધુમાં URC, CRC અને URC Zone MIS staff દ્વારા પોતાના તાબા હેઠળની શાળાઓમાંથી પ્રતિ દિન એક શાળાની મુલાકાત લઇ APAAR ID બનાવવાની કામગીરીનું નિરીક્ષણ કરવાનું રહેશે અને ઉત્પન્ન થતા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે.

વિદ્યાર્થીઓ માટે ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (APAAR ID) બનાવવા માટેની સૂચનાઓ APAAR ID વિષે ધ્યાનમાં રાખવાની બાબતો

1. APAAR ID માં વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિઓ જેવીકે EXAM RESULTS, HOLISTIC રિપોર્ટ કાર્ડ, LEARNING OUTCOMES ઉપરાંત અન્ય સિદ્ધિઓ જેવી કે, ઓલિમ્પિયાડ, રમતગમત, કૌશલ્ય પ્રશિક્ષણને ડિજિટલી સ્ટોર કરવામાં આવશે. વધુમાં APAAR IDનો ઉપયોગ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને રોજગાર હેતુ માટે કરી શકશે
2. APAAR ID, શાળા કક્ષાએ UDISE+ portal દ્વારા જ બનાવી શકાશે
3. APAAR ID, વિદ્યાર્થીનાં AADHAR નંબર સાથે અને DIGILOCKER સાથે લિંક કરવામાં આવશે
4. APAAR ID બનાવવા માટે વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ અને જેન્ડરની વિગતો UDISE+ portal પર અને તેના AADHAR નંબર સાથે UIDAIનાં ડેટા સાથે એક સમાન હોવું જરૂરી છે
5. શાળા કક્ષાએ વિદ્યાર્થી દીઠ તેનો AADHAR અને UDISE+ portal પ્રમાણે- નામ, જન્મ તારીખ અને જેન્ડરની વિગતો તૈયાર કરવી. જેથી જરૂર જણાય તો સમયબદ્ધ રીતે AADHAR અથવા UDISE+નાં ડેટામાં સુધારાની પ્રક્રિયા હાથ ધરી શકાય
6. APAAR ID, વિદ્યાર્થીઓ માટે એક આવશ્યક અને અગત્યનું દસ્તાવેજ બની રહેશે, જે શાળા શિક્ષણ પૂર્ણ કર્યા બાદ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા અને રોજગારી માટે ઉપયોગ કરી શકશે.
7. વિદ્યાર્થીની માર્કશીટસ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તથા તેના અન્ય શૈક્ષણિક દસ્તાવેજો શાળા કક્ષાએ જનરલ રજીસ્ટર (GR)માં નામ અને અન્ય વિગતો મુજબ જ આપવામાં આવનાર હોય, તે નક્કી કરવાનું રહે કે વિદ્યાર્થીઓની વિગત UDISE+ પોર્ટલ પર અથવા AADHARમાં સુધારો કરવો, જેથી વિદ્યાર્થીનું નામ તેના APAAR ID, AADHAR અને દરેક દસ્તાવેજમાં સમાન રહે અને ભવિષ્યમાં કોઈ મુશ્કેલીનાં પડે
8. ધો. 1 થી 8 ના બધાજ વિદ્યાર્થીઓ માટે APAAR ID જનરેટ કરવાના રહેશે.

શાળા કક્ષાએ કરવાની કામગીરી

1. શાળા કક્ષાએ APAAR IDના સંદર્ભમાં શાળાના તમામ વિદ્યાર્થીઓના માતાપિતા સાથે મિટિંગ યોજી APAAR IDની ઉપયોગિતા અને તેના મહત્વ વિશે માહિતગાર કરવાના રહેશે.
2. શાળાઓએ માતા પિતા/વાલીની Annexure-Iમાં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીનો APAAR ID બનાવવા માટે AADHAR ડેટાના ઉપયોગ કરવા માટે સંમતિ પત્રક પર લેખિત સંમતિ મેળવવાની રહેશે, તેમજ માતાપિતા/વાલીના ફોટો આઈડી પ્રૂફ (AADHAR, PAN, EPIC/VOTER ID, DRIVING LICENSE, PASSPORT પૈકી કોઈપણ એક) મેળવી શાળા કક્ષાએ જાળવવાની રહેશે.
3. શાળાઓએ માતાપિતા/વાલીના સંમતિ પત્રક અને તેમના ફોટો આઈડી પ્રૂફ ની નકલ શાળા કક્ષાએ જાળવવાનો રહેશે.
4. શાળાઓએ વિદ્યાર્થીનો AADHARની નકલ પણ મેળવવાની રહેશે. શાળા દ્વારા વિદ્યાર્થીની વિગતો - નામ, જન્મ તારીખ અને જેન્ડર AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
5. ત્યારબાદ, જો વિદ્યાર્થીની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન હોય તોUDISE+ પોર્ટલ પર જઈ, APAAR ID બનાવવા નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:
    a. સૌપ્રથમ શાળાએ UDISE+ પોર્ટલ પર લોગીન કરી 'List of All Students' માં દરેક વિધ્યાર્થીની AADHARની વિગત "AADHAR VALIDATE" ના કોલમમાં દર્શાવેલ 'Aadhar Validate from UIDAI' બટનથી Validate કરવાની રહેશે.

b. UDISE+ પોર્ટલ પર લોગીન કરી APAAR MODULE પર ક્લીક કરવી

c. 'Class/Grade' અને 'Section' કરી 'Go' પર કલીક કરવું

d. નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીનું APAAR બનાવવાનું છે તેની વિગતો ચકાસી છેલ્લા કોલમ 'Action'માં 'Generate' પર ક્લીક કરવું

e. ત્યારબાદ, બીજુ વેબપેજ ખુલસે અને તેમાં વિદ્યાર્થીની વિગત ચકાસી, 'Consent' માં'Consent by Father/Mother/Legal Guardian of Student for APAAR ID Generation' હેઠળ મેળવેલ લેખિત સંમતિ પત્રક મુજબની વિગતો ભરી 'SUBMIT' પર કલીક કરવું

f. ત્યારબાદ, વિદ્યાર્થીનો ૧૨ આંકડાનો APAAR ID જનરેટ થશે.

6. જો વિદ્યાર્થીની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન ન હોય, તેવા કિસ્સાઓમાં નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:

a. AADHAR મુજબ વિગતો યોગ્ય જણાય, તો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ વિગતોમાં સુધારો કરી ઉપર 5.3 થી 5.b માં દર્શાવ્યા મુજબ APAAR ID જનરેટ કરવું.

b. UDISE+ પોર્ટલ મુજબ વિગતો યોગ્ય જણાય, તો AADHARમાં UDISE+ પોર્ટલ મુજબ વિગતઓમાં સુધારો કરવ્યા બાદ યોગ્ય ચકાસણી કરી ઉપર 5.a થી 5.b માં દર્શાવ્યા મુજબ APAAR ID જનરેટ કરવું.

વિશેષમાં જણાવવાનું કે શાળાનાં ધો. ૧ થી ૮ ના બધાજ વિદ્યાર્થીઓ માટે APAAR ID જનરેટ કરવાના રહેશે. પરંતુ હાલમાં, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના APAAR ID Generate કરવા અંગે પ્રાથમિક્તા આપવાની રહેશે. આની સાથે સાથે શાળાઓએ ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પણ ઉપર દર્શાવ્યા મુજબ નાં પગલા હાથધરી તેમના APAAR ID જનરેટ કરવાના રહેશે.

તા.૦૭-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

समग्र शिक्षा
Samagra Shiksha

લલિત નારાયણ સિંઘ સાંદુ, IAS
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

સત્યમેવ જયતે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૯૬૩૨૪૧૩
E-mail: spdssa@gmail.com

ક્રમાંકઃ SSA/MIS/2024/56581-652 તા. 03/૧૨/૨૦૨૪

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ

**વિષયઃ APAAR (ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી) ના અમલીકરણ અને રોલઆઉટ અને "Mega APAAR DIWAS" ઉજવવા બાબત.**

**સંદર્ભઃ**

1. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસ.એસ.એ./MIS/2024/42389-42460 તા. 23/09/2024
2. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસ.એસ.એ./MIS/2024/52904-52974 તા. 08/11/2024
3. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O.No. 1-27/2023-DIGED-Part(1), તા. ૨૭/૧૧/૨૦૨૪
4. અત્રેની કચેરીની તા. .૧૨.૨૦૨૪ની નોંધ પર માન. એસપીડીશ્રીની મળેલ મંજૂરી

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા શાળા કક્ષાએ **APAAR ID** જનરેટ કરવાની કામગીરી સત્વરે હાથ ધરવા જીલ્લા કચેરીઓને સંદર્ભ ૧ અને ૨માં દર્શાવેલ પત્રો દ્વારા સૂચના આપેલ છે અને વિડીઓ કોન્ફરનસિંગ દ્વારા મિટિંગ પણ યોજવામાં આવેલ છે.

વધુમાં, સંદર્ભ–૩થી શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી એ પત્ર દ્વારા રાજ્યોને તારીખ ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" ઉજવવા સૂચવેલ છે. અને આગળ જતા, દર મહીને ૯ અને ૧૦ તારીખે "Mega APAAR DIWAS"

ઉજવવા સૂચવેલ છે. (જો શાળામાં તે દિવસ રજા આવતી હોય તો તેના પછીના દિવસે "Mega APAAR DIWAS" ઉજવવાનો થાય). "Mega APAAR DIWAS" અંતર્ગત શાળાઓએ વધુમાં વધુ વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ કરવાના રહેશે અને તેની વિગતો સુચવ્યા મુજબ રાજ્ય કક્ષાએ પૂરી પાડવાની રહેશે. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" ઉજવવાની તૈયારીના ભાગરૂપે શાળાઓ દ્વારા નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:

1. શાળામા અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૧૨નાં તમામ **વિદ્યાર્થીઓના માતાપિતા સાથે મિટિંગ યોજી** APAAR IDની ઉપયોગિતા અને તેના મહત્વ વિશે માહિતગાર કરી **તા. ૦૬ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં માતાપિતા/વાલીની સંમતિ પત્રક (સૂચિત નમુનાં પ્રમાણે)** અને તેમના ફોટો આઈડી પ્રૂફ સાથે તેની યોગ્ય ચકાસણી કરી મેળવી લેવા.
2. સંમતિ પત્રક મેળવ્યા બાદ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની AADHAR અને UDISE+ પોર્ટલના આધારે વિગતો – નામ, જન્મ તારીખ અને જેન્ડર– નીચે મુજબની યાદી તૈયાર કરવાની રહેશે:
   a. વિદ્યાર્થીઓ જેની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન છે
   b. વિદ્યાર્થીઓ જેની વિગતો **જો વિદ્યાર્થીઓની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન ન હોય**, તેવા કિસ્સાઓમાં નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:
      i. જો, AADHAR મુજબ વિગતો યોગ્ય જણાય, તો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ વિગતોમાં **શાળા/બ્લોક કક્ષાએ તા. ૦૮ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં** સુધારો કરાવી લેવાનો રહેશે.
      ii. જો, UDISE+ પોર્ટલ મુજબ વિગતો યોગ્ય જણાય, તો AADHARમાં UDISE+ પોર્ટલ મુજબ વિગતઓમાં સુધારો કરવ્યા બાદ યોગ્ય ચકાસણી કરી APAAR ID જનરેટ કરવું.
3. શાળાઓ દ્વારા, જે વિદ્યાર્થીઓની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન હોય અને જે વિદ્યાર્થીઓની વિગતો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ સુધારો કરાવ્યા હોય તેવા તમામ વિદ્યાર્થીઓના તા. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ ("Mega APAAR DIWAS") UDISE+ પોર્ટલ મારફત APAAR ID જનરેટ કરવાના રહેશે.
4. આમ, શાળાઓ દ્વારા તા. ૯ અને ૧૦ ડીસેમ્બરનાં રોજ "Mega APAAR DIWAS" નિમિતે ઉપર દર્શાવ્યા મુજબ ઘટતી કાર્યવાહી હાથ ધરી વધુમાં વધુ APAAR ID જનરેટ કરવાના રહેશે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ઉક્ત પત્રમાં જણવ્યા અનુસાર રાજ્યમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓનું APAAR ID જનરેટ કરવાની કામગીરી ડીસેમ્બર–૨૦૨૪ના માસમાં પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં, આ સાથે સદર કચેરીએ APAAR ID જનરેટ કરવા માટેની સૂચનાઓ / માર્ગદર્શિકા તૈયાર કરેલ છે, જે આ સાથે સામેલ છે. જીલ્લા કક્ષાએ આ સૂચનાઓ / માર્ગદર્શિકા અંગેની તાલીમ જે તે જીલ્લાના તાબા હેઠળનાં CRC, BRC અને Block MISને આપી માહિતગાર કરવાના રહેશે.

CRC, BRC અને Block MIS દ્વારા પોતાના તાબા હેઠળની શાળાઓને આ સૂચનાઓ/માર્ગદર્શિકા અંગે માહિતગાર કરી તાલીમ આપવાની રહેશે અને APAAR ID બનાવવાની કામગીરીનું રોજબરોજ નિરીક્ષણ કરવાનું રહેશે અને શાળા કક્ષાએ ઉત્પન્ન થતા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે. ક્લસ્ટર અને બ્લોક કક્ષાએ તેમના તાબા હેઠળની શાળાઓ પાસેથી EXCELSHEETમાં વિદ્યાર્થીઓની વિગતો મેળવીને વિદ્યાર્થી દીઠ APAAR ID જનરેટ થયાનું મોનીટરીંગ કરવાનું રહેશે. વિદ્યાર્થીઓના AADHARની વિગતોમાં સુધારા માટે CRC, BRC અને Block MISએ તેમની હાજરીમાં વિદ્યાર્થીઓના AADHAR માં સુધારાની કામગીરી કરાવવી. વધુમાં CRC, BRC અને Block MIS દ્વારા પોતાના તાબા હેઠળની શાળાઓમાંથી પ્રતિ દિન એક શાળાની મુલાકાત લઇ APAAR ID બનાવવાની કામગીરીનું નિરીક્ષણ કરવાનું રહેશે અને ઉત્પન્ન થતા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે.

સંદર્ભમાં, APAAR ના અમલીકરણ અને રોલઆઉટ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જિલ્લા નોડલ અધિકારીઓ તરીકે તમારા જીલ્લામાં APAAR ID બનાવવાની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે અને રાજ્ય કક્ષા દ્વારા રાખવામાં આવેલ રીવ્યુ મિટિંગમાં APAAR ID બનાવવાની કામગીરીની પ્રગતિની વિગતો સાથે ફરજીયાત હાજર રહેવાનું રહેશે. વધુમાં, જીલ્લા નોડલ અધિકારીઓ દ્વારા ઉપરોક્ત માહિતી અને સૂચનાઓ તેમના તાબા હેઠળની કચેરીઓમાં અને શાળાકક્ષા સુધી પહોચાડવાની તેમજ તેની અમલવારી કરી કાર્ય સમયબદ્ધ રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

Lalit Singh

**(લલિત નારાયણ સિંઘ સાંદુ)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**સવિનય નકલ રવાના યોગ્ય કાર્યવાહી સારૂઃ-**

- નિયામકશ્રી, શાળાઓ, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી , સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

<u>વિદ્યાર્થીઓ માટે **"ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (APAAR)"**</u>

<u>**ID** બાનાવવા માટેની સૂચનાઓ</u>

**<u>APAAR ID વિષે ધ્યાનમાં રાખવાની બાબતો</u>**

1. APAAR IDમાં વિદ્યાર્થીની **શૈક્ષણિક સિદ્ધિઓ** જેવીકે EXAM RESULTS, HOLISTIC રિપોર્ટ કાર્ડ, LEARNING OUTCOMES ઉપરાંત અન્ય સિદ્ધિઓ જેવી કે, ઓલિમ્પિયાડ, રમતગમત, કૌશલ્ય પ્રશિક્ષણને ડિજિટલી સ્ટોર કરવામાં આવશે. વધુમાં APAAR IDનો ઉપયોગ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમના **ઉચ્ચ શિક્ષણ** અને **રોજગાર હેતુ** માટે કરી શકશે
2. APAAR ID, શાળા કક્ષાએ **UDISE+ portal દ્વારા જ** બનાવી શકાશે
3. APAAR ID, વિદ્યાર્થીનાં **AADHAR** નંબર સાથે અને **DIGILOCKER** સાથે લિંક કરવામાં આવશે
4. APAAR ID બનાવવા માટે **<u>વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ અને જેન્ડરની</u>** વિગતો UDISE+ portal પર અને તેના AADHAR નંબર સાથે UIDAIનાં ડેટા સાથે **એક સમાન હોવું જરૂરી છે**
5. શાળા કક્ષાએ વિદ્યાર્થી દીઠ તેનો AADHAR અને UDISE+ portal પ્રમાણે- નામ, જન્મ તારીખ અને જેન્ડરની **વિગતો તૈયાર કરવી**. જેથી જરૂર જણાય તો સમયબદ્ધ રીતે AADHAR અથવા UDISE+નાં ડેટામાં સુધારાની પ્રક્રિયા હાથ ધરી શકાય
6. APAAR ID, વિદ્યાર્થીઓ માટે એક **આવશ્યક અને અગત્યનું દસ્તાવેજ** બની રહેશે, જે શાળા શિક્ષણ પૂર્ણ કર્યા બાદ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા અને રોજગારી માટે ઉપયોગ કરી શકશે.
7. વિદ્યાર્થીની માર્કશીટસ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તથા તેના અન્ય શૈક્ષણિક દસ્તાવેજો શાળા કક્ષાએ **જનરલ રજીસ્ટર (GR)**માં નામ અને અન્ય વિગતો મુજબ જ આપવામાં આવનાર હોય, **<u>તે નક્કી કરવાનું રહે કે વિદ્યાર્થીઓની વિગત UDISE+ પોર્ટલ પર અથવા AADHARમાં સુધારો કરવો</u>**, જેથી વિદ્યાર્થીનું નામ તેના APAAR ID, AADHAR અને દરેક દસ્તાવેજમાં સમાન રહે અને ભવિષ્યમાં કોઈ મુશ્કેલીનાં પડે
8. **ધો. ૧ થી ૧૨ના બધાજ વિદ્યાર્થીઓ** માટે APAAR ID જનરેટ કરવાના રહેશે. <u>હાલમાં, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના APAAR ID Generate કરવા અંગે પ્રાથમિક્તા આપવી.</u>

**<u>શાળા કક્ષાએ કરવાની કામગીરી</u>**

1. શાળા કક્ષાએ APAAR IDના સંદર્ભમાં શાળાના તમામ <u>વિદ્યાર્થીઓના માતાપિતા સાથે મિટિંગ યોજી</u> APAAR IDની ઉપયોગિતા અને તેના મહત્વ વિશે માહિતગાર કરવાના રહેશે.
2. શાળાઅઓએ માતાપિતા/વાલીની Annexure-Iમાં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીનો APAAR ID બનાવવા માટે AADHAR ડેટાના ઉપયોગ કરવા માટે **સંમતિ પત્રક પર લેખિત સંમતિ મેળવવાની** રહેશે, તેમજ માતાપિતા/વાલીના ફોટો આઈડી પ્રૂફ (AADHAR, PAN, EPIC/VOTER ID, DRIVING LICENSE, PASSPORT પૈકી કોઈપણ એક) મેળવી શાળા કક્ષાએ જાળવવાની રહેશે.
3. શાળાઓએ માતાપિતા/વાલીના **સંમતિ પત્રક અને તેમના ફોટો આઈડી પ્રૂફ** ની નકલ શાળા કક્ષાએ જાળવવાનો રહેશે.
4. શાળાઓએ વિદ્યાર્થીનો AADHARની નકલ પણ મેળવવાની રહેશે. શાળા દ્વારા <u>વિદ્યાર્થીની વિગતો – નામ, જન્મ તારીખ અને જેન્ડર AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે</u>.
5. ત્યારબાદ, **<u>જો વિદ્યાર્થીની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન હોય</u>** તો UDISE+ પોર્ટલ પર જઈ, APAAR ID બનાવવા નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:
   a. સૌપ્રથમ શાળાએ UDISE+ પોર્ટલ પર લોગીન કરી 'List of All Students'માં દરેક વિદ્યાર્થીની AADHARની વિગત "AADHAR VALIDATE"નાં કોલમમાં દર્શાવેલ 'Aadhar Validate from UIDAI' બટનથી Validate કરવાની રહેશે.
   b. UDISE+ પોર્ટલ પર લોગીન કરી APAAR MODULE પર ક્લીક કરવી
   c. 'Class/Grade' અને 'Section' કરી 'Go' પર ક્લીક કરવું
   d. નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીનું APAAR બનાવવાનું છે તેની વિગતો ચકાસી છેલ્લા કોલમ –'Action'માં 'Generate' પર ક્લીક કરવું
   e. ત્યારબાદ, બીજુ વેબપેજ ખુલસે અને તેમાં વિદ્યાર્થીની વિગત ચકાસી, 'Consent'માં 'Consent by Father/Mother/Legal Guardian of Student for APAAR ID Generation' હેઠળ મેળવેલ લેખિત સંમતિ પત્રક મુજબની વિગતો ભરી 'SUBMIT' પર ક્લીક કરવું
   f. ત્યારબાદ, વિદ્યાર્થીનો ૧૨ આંકડાનો APAAR ID જનરેટ થશે.

6. **જો વિદ્યાર્થીની વિગતો AADHAR અને UDISE+ પોર્ટલ પર સમાન ન હોય**, તેવા કિસ્સાઓમાં નીચે મુજબ પગલાં હાથ ધરવાના રહેશે:
   a. AADHAR મુજબ વિગતો યોગ્ય જણાય, તો UDISE+ પોર્ટલ પર AADHAR મુજબ વિગતોમાં સુધારો કરી ઉપર **5.a** થી **5.b** માં દર્શાવ્યા મુજબ APAAR ID જનરેટ કરવું.
   b. UDISE+ પોર્ટલ મુજબ વિગતો યોગ્ય જણાય, તો AADHARમાં UDISE+ પોર્ટલ મુજબ વિગતઓમાં સુધારો કરવ્યા બાદ યોગ્ય ચકાસણી કરી ઉપર **5.a** થી **5.b** માં દર્શાવ્યા મુજબ APAAR ID જનરેટ કરવું.
7. ફરીથી જણાવવાનું કે શાળાનાં **ધો. ૧ થી ૧૨ના બધાજ વિદ્યાર્થીઓ** માટે APAAR ID જનરેટ કરવાના રહેશે. પરંતુ હાલમાં, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના APAAR ID Generate કરવા અંગે પ્રાથમિક્તા આપવાની રહેશે. આની સાથે સાથે શાળાઓએ ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પણ ઉપર દર્શાવ્યા મુજબ નાં પગલા હાથધરી તેમના APAAR ID જનરેટ કરવાના રહેશે.